# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૮
## તારીખ.૦૮–૦૨–૨૦૧૮
## હરાજીની શરતો.

ખંભાત નગરપાલિકાની માલીકીની સરદાર ટાવર પાસે આવેલ ધર્મશાળા તથા મેટરનીટી હોમ તરીકે ઓળખાતી જેનો સીટી સર્વે નં.૩/૨૮૦૯/અ તથા ૩/૨૮૦૯/બ માં નવી બંધાયેલ ગ્રાઉન્ડ ફલોર દુકાનો તથા પ્રથમ માળે બંધાયેલ ઓફીસ / દુકાનો અને બીજા માળે દવાખાના ની જગ્યાની જાહેર હરાજી કરી નોન રીફન્ડેબલ પ્રિમિયમથી માસીક લાયસન્સ ફી થી નીચે જણાવેલ શરતોથી નવનિર્મિત બંધાયેલ કોમ્પલેક્ષને "<u>સ્થંભતીર્થ કોમ્પલેક્ષ</u>" નામ કરણ આપવા ઠરાવવામાં આવે છે. તેનો અગાઉ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૫૮ તારીખ. ૦૮–૦૯–૨૦૧૭ થયેલ છે તે તથા નીચે પ્રમાણેની શરતો મુજબ.

(૧) સદર દુકાનો નોન રીફંડેબલ પ્રિમયમની માસીક લાયસન્સ ફી થી નવ (૦૯) વર્ષ માટે આપવાની છે.

(૨) સદર એક દુકાનની પ્રિમયમની અપસેટ કિંમત રૂપીયા.૯૯,૦૦૦/–અંકે રૂપીયા નવ્વાણું હજાર પુરા રહેશે અને હરાજીની બોલી રૂા.૧૦૦૦૦/– અંકે રૂપીયા દશ હજારના ગુણાંકમાં બોલવાની રહેશે.

(૩) હરાજીમાં ભાગ લેતા પહેલા રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા હરાજી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે એક ડીપોઝીટ ઉપર જે તે એક જ દુકાનની હરાજીમાં ભાગ લઈ શકશે એટલે કે (એક ડીપોઝીટ ઉપર એક થી વધુ દુકાનો રાખી શકશે નહીં) હરાજીની તારીખ સુધીમાં બપોરે ૩–૦૦ કલાક સુધીમાં મ્યુની. ઓફીસે જમા કરવાની રહેશે.

(૪) સદર દુકાનની લાયસંસનો કરાર ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૬૫(૨) મુજબ અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટેનો જ રહેશે અને જગ્યાની માલીકી ખંભાત નગરપાલિકાની રહેશે.

(૫) સદર દુકાનો પૈકી જે જુના લાયસન્સદારો છે તેઓની માસીક લાયસન્સ ફી આ હરાજી અગાઉ નકકી થયેલ શરતો મુજબ માસીક લાયસન્સ ફી નકકી થયેલ છે તે મુજબ લેવાની રહેશે તથા ગ્રાઉન્ડ ફલોરની જે દુકાનો જે નવેસરથી હરાજીથી માસીક – લાયસન્સ ફી થી આપવાની છે તેઓને એક ચોરસ ફુટના રૂપીયા.૫–૦૦ અંકે રૂપીયા પાંચ પુરા પ્રમાણે તથા પ્રથમ માળની દુકાનો માટે એક ચોરસ ફુટના રૂપીયા.૩–૦૦

અંકે રૂપીયા ત્રણ પુરા પ્રમાણે તથા બીજા માળની ઓફીસની જગ્યા માટે એક ચોરસ ફુટના રૂા.૩–૦૦ અંકે રૂપીયા ત્રણ પુરા તથા જેમાં સેકન્ડ ફલોરમાં જેની ઓફીસ કે દુકાનમાં લેબોરેટરી તથા દવાની દુકાન અને દવાખાના પુરતાં ઓપન સ્પેશ માટે – માસીક લાયસન્સ ફી ચોરસ ફુટ રૂા.૨–૦૦ અંકે રૂપીયા બે પુરા પ્રમાણે આપવાની રહેશે. તેમજ સેકન્ડ ફલોર ઉપર આવેલ મેટરનીટી દવાખાનાની જગ્યા માટે રૂપીયા. ૫૦,૦૦૦/–અંકે રૂપીયા પચાસ હજાર પુરાની ડીપોઝીટ ભરવાની રહેશે અને શરત નંબર. ૩ માં જણાવ્યા મુજબના સમય પહેલા સીલ બંધ કવરમાં ઓફરો રજુ કરવાની રહેશે તે સૌથી છેલ્લા ખોલવામાં આવશે અને તેમાં સૌથી ઉંચી આવેલ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે કમીટીમાં મંજુર કરવામાં આવશે તેની હરાજી કરવાની રહેશે નહી તે સિવાયની બાકીની તમામ શરતો પણ આમાં લાગુ પડશે.

(૬) લાયસન્સ ફી થી આપેલ દુકાનને લાગતા નગરપાલિકા તેમજ ગુજરાત અને કેન્દ્ર સરકારના તથા અન્ય તમામ ટેક્ષ લાયસન્સ ફી થી રાખનારે ભરવાના રહેશે.

(૭) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખ થી (૧૫)પંદરમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં પચ્ચીસ (૨૫) ટકા પેનલ્ટી આપવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિક લાયસન્સનો કરાર રદ કરી દુકાનનો કબજો પરત મેળવશે તેમાં દુકાન રાખનારની કોઈ દલીલ ગ્રાહય રાખવામાં નહી આવે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરવાનો રહેશે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનનો કબજો જુના લાયસંસદારોને સોપ્યા બાદ <u>"સ્થંભતીર્થ કોમ્પલેક્ષ"</u>ના તમામ લાયસંસદારો માટે અંગ્રેજી દર બે (૦૨) વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે.

(૧૦) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકીનો રહશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજામાં રહેશે.

(૧૧) હરાજીથી દુકાન રાખનાર ઈસમે જે લાયસંન્સ ફી થી રાખેલ હશે અને તે દુકાન અન્યને ટ્રાન્સફર કરે ત્યારે જે રકમમાં જે તે વખતે રાખેલ હશે તેના કરતાં વધુ

રકમની જે કોઈપણ ઉપજશે તેના ૨૫% રકમ નગરપાલિકામાં જમા કરાવેથી ટ્રાન્સફરની કાર્યવાહી થઈ શકશે એટલે કે જે રકમ નગરપાલિકામાં જમા કરાવીને દુકાન મેળવેલ હશે તે રકમ કરતાં વધારાની રકમ જે કોઈપણ ઉપજ થાય તે અંગે નગરપાલિકાને અગાઉથી લેખીતમાં રકમ સાથે જાણ કરવાની રહેશે તે રકમ જો ઓછી બતાવવામાં આવે તો દર્શાવેલ રકમ તથા હરાજીમાં લીધેલ રકમ આમ બંને ભેગી કરતાં જે રકમ થાય તે રકમ નગરપાલિકા જે તે ઈસમને પરત આપવા નિર્ણય લેતો જે તે દુકાન ધારકે તે રકમ લઈ નગરપાલિકાને દુકાન પરત આપવાની રહેશે અન્યને આપી શકશે નહી કે ટ્રાન્સફર થઈ શકશે નહી જે તે દુકાન નગર–પાલિકાને પરત કરવાની રહેશે જો તેમ કરવાનુ નગરપાલિકા સુચવે અથવા જે તે દર્શાવેલ રકમ યોગ્ય અને સાચી દર્શાવેલી જણાશે તો ઉપર જણાવ્યા મુજબ વધારાની રકમના ૨૫% રકમ નગરપાલિકામાં ભરવા આદેશ કરે અને તે રકમો ભરપાઈ થયા બાદ ટ્રાન્સફરની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને આ શરત આ શોપીગના જુના લાયસંસદારોને લાગુ પડશે નહી. તેઓને જુનો અમલમાં રહેલ ટ્રાન્સફરની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને તે કરી શકશે પણ નહીં.

(૧૩) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં પેટા લાયસન્સ ફી થી આપી શકાશે નહી અગર તો હકક, ગીરો, દાન, વીલ કે બક્ષીસ આપી શકશે નહી તેમજ નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય બીજાને ભાગીદાર તરીકે રાખી શકશે નહીં.

(૧૪) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં સળગી ઉઠે તવો જવાળગ્રાહી પદાર્થો રાખી વ્યવસાય કે ધંધો કરતા અગાઉ નગરપાલિકાની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૧૫) સદર લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસન્સદર કરી શકશે નહી તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસન્સદાર જવાબદાર રહેશે તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) સૌથી વધુ પ્રિમિયમની રકમ બોલનારને દુકાનની જગ્યા ફાળવણી કરવી કે નહી તે અંગેનો છેવટનો નિર્ણય નગરપાલિકાનો રહેશે તે સર્વેને બંધનકર્તા રહેશે અને તે અંગેની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.